# મહેસાણા-વિસનગર માર્ગ પર અકસ્માતમાં છના મોત


## બોલેરો જીપ અને રીક્ષા વચ્ચે દેલા ગામે અકસ્માત સર્જાયો

મહેસાણા, તા. ૯

મહેસાણા-વિસનગર ધોરીમાર્ગ પર દેલા ગામે સાંજના સમયે બોલેરો જીપકાર અને ઓટોરીક્ષા અથડાતાં સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં છ વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. મૃતકોમાં માતા પુત્રનો પણ સમાવેશ થાય છે.

વિગત એવી છે કે ગઈકાલે સાંજે મહેસાણા-વિસનગર ધોરી માર્ગ પર મહેસાણાથી પાંચ કિ.મી. દૂર દેલા ગામના બસ સ્ટેન્ડ નજીક વિસનગરથી મહેસાણા તરફ જતી બોલેરો જીપકારે સામેથી આવી રહેલ ઓટોરીક્ષાને જોરદાર ટક્કર મારી હતી જેથી ઓટો રીક્ષામાં બેઠેલા મુસાફરો ફંગોળાઈને લોહીલુહાણ હાતમાં રોડ પર પડી ગયા હતા. જેમાં છ વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે એક મહિલા સહિત ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તુરત સારવાર અર્થે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં


(તસવીર : મહેશભાઈ બારોટ, ઊંઝા)



ખસેડાયા હતા. જ્યાં પુપાબેન પરમારને ગંભીર ઈજાઓ થયેલ હોઈ તેમને વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતની જાણ થતાં દેલા ગામના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ રાહતની કામગીરી કરી હતી. આ અકસ્માતમાં માતા પુત્રના પણ કરૂણ મોત નિપજ્યા હતા.

ગોઝારા અકસ્માતમાં માર્યા ગયેલ કમનસીબ વ્યક્તિઓમાં (૧) રૂપલબેન હિતેશભાઈ મકવાણા ઉં.વ.૨૬ (૨) કૌશલ હિતેશભાઈ મકવાણા ઉં.વ.૫ (૩) ઈશ્વરભાઈ રામજીભાઈ દરજી ઉ.વ. ૬૦ (૪) મેહુલ જીતેશભાઈ વાઘા ઉ.વ.૯ (૫) સંગીતાબેન જીતરામભાઈ વાઘા ઉ.વ. ૪૫, તમામ રહે. બાસણા,તા. વિસનગર (૬) અમરતભાઈ શંકરભાઈ સોલંકી ઉ.વ. ૪૭ રહે. રંડાલા તા. વિસનગરનો સમાવેશ થાય છે. પુષ્પાબેન પરમાર અને જીતેશભાઈ વાઘા રહે. બાસણાનો સમાવેશ થાય છે.

# તલોદમાં દબાણો હટાવવામાં પક્ષપાત થતાં કેબીન ધારકોની પ્રતિક ભુખ હડતાલ

## બાર જેટલાં કેબીન ધારકોની રોજી રોટી છિનવાઈ, 'ન્યાય આપો'ના સૂત્રો સાથે સ્થળ ઉપર જ ઉપવાસ શરૂ કર્યા


તલોદ, તા. ૯

તલોદમાં ઘણા સમયથી ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યું છે. જેમાં ભુગર્ભગટર, પાણીલાઈન તેમજ ગેસલાઈન માટે વારંવાર ખોદકામ થતાં મુખ્યમાર્ગ સહિત અનેક માર્ગો બિસ્માર બની ગયા છે. હવે જ્યારે કામ પૂર્ણતા તરફ છે ત્યારે નગરના મુખ્ય માર્ગને બનાવવાની કામગીરી આરંભાઈ છે અને આ મુખ્ય માર્ગ ઉપરના નડતર દબાણો દુર કરવા નોટીસો આપી દુર કરવાની શરૂઆત કરી દેવાઈ છે. જેમાં મઠનાકાથી ગંગારામની ઘંટી વચ્ચે અનેક દબાણો હોવા છતાં ફક્ત પાણીની ટાંકી પાસેના બાર જેટલા કેબીનો હટાવી લેવાનો આ કેબીન ધારકોએ પાલિકા દ્વારા પક્ષપાતી વલણ અપનાવ્યુ હોવાનો આક્ષેપ કરી લેખિત આપી હાલ ન્યાય માટે પ્રતિક ભુખ હડતાલ સ્થળ ઉપર જ શરૂ કરી દીધી છે.

તલોદ નગરના મુખ્ય માર્ગ તેમજ આંતરિયાળ માર્ગો ચિંથરેહાલ સ્થિતિમાં છે. નગરના વિકાસ અર્થે શરૂ થયેલા કામો અર્થે માર્ગોને તોડી પડાતાં આવન-જાવન ભારે કઠીન બની ગયું છે. પરંતુ હવે જ્યારે આ કામગીરી પૂર્ણ થવા જઈ રહી છે ત્યારે નગરના મુખ્યમાર્ગનું નવીનીકરણ હાથ ધરાયું છે. અને આ માર્ગમાં નડતરરૂપ તમામ દબાણો દુર કરવા જે તે દબાણકર્તાને નોટીસો પણ પાલિકા દ્વારા આપી દેવાઈ છે. જેમાં માર્ગની શરૂઆત મઠનાકાથી કરવાની થતી હોઈ પ્રથમ તે માર્ગના ૨૬ થી વધારે કેબીન ધારકો તથા અન્ય દબાણ દૂર કરવાના હતા જે પૈકી ફક્ત પાણીની ટાંકી પાસેના બાર જેટલા કેબીન ગણતીની મીનીટોમાં જેસીબી ફેરવી ઉઠાવી લેવાયા હતા.જ્યારે તે પછી બે ત્રણ દિવસ વિતી ગયા છતાં અન્ય દબાણો ન હટતાં આ બાર કેબીન ધારકોમાં પોતાને અન્યાય થયો હોવાની લાગણી જન્મી હતી. અને સત્તાવાળાઓને ન્યાય માટે માંગણી કરી ન્યાય નહીં મળે તો ભુખ હડતાલ ઉપર જવાની લેખિતમાં જાણ કરી હતી.


(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

જે અંતરગત શનિવાર સવારથી જ આ કેબીન ધારકો પોતાના ધંધાના સ્થળે ન્યાય આપો ના સુત્રો બોર્ડ ઉપર લખાવી પ્રતિક ભુખ હડતાલ ઉપર બેસી ગયા છે. વધુમાં આ કેબીન ધારકોએ જણાવ્યુ હતુ કે અમો પાલિકા વિસ્તારના નાગરીક છીએ અને કરવેરો પણ ભરીએ છીએ તો અમારી સાથે પક્ષપાત વલણ કેમ અપનાવવામાં આવ્યુ તે સમજાતુ નથી. હાલ અમારી રોજી રોટી છીનવાઈને બેરોજગાર બની ગયા છીએ માટે ન્યાય માટે છેવટ સુધી લડી લઈશુ. જ્યારે પાલિકા સત્તાધીશો જણાવી રહ્યા છે કે જેમ જેમ માર્ગ બનતો જશે તેમ તેમ તમામ દબાણો હટાવી લેવાના છે. આ કાર્યવાહીમાં કોઈ જ ભેદભાવ રખાશે નહી. જો કે આ કેબીનધારકોએ ન્યાય સાથે સહકારની ખાત્રી આપી છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વડગામ તાલુકાના નાની ગીડાસણ ગામના લોકો મામેરા અર્થે વડગામ તાલુકાના જ રજોસણ ગામમાં ભેગા થયા હતા. જ્યા સામાજિક રીત-રિવાજ મુજબ ખીચડી અને દૂધ પીરસવામાં આવ્યું હતું જેના લીધે ખોરાકી ઝેરની ઉપ વ્યક્તિઓને અસર થઈ હોવાનું જાણવા મળ્યું છે. મામેરામાં જેમણે દૂધ-ખીચડીની મજા માણી હતી તેવા લોકોને ઝાડા-ઉલટી થતા એક પછી એક સિવિલમાં અને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ આવ્યા હતા. પાલનપુર સિવિલમાં ૨૫ની વધુ લોકોને સારવાર અપાઈ હતી.

# કડી તાલુકાના ખંડેરાવપુરા ગામમાં રામજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

મહેસાણા, તા.૯

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ખંડેરાવપુરા ગામે રામજી મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ ધાર્મિક મહોત્સવમાં ઉપસ્થિત રાજયના આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે ખંડેરાવ ગામ શિક્ષણ, પ્રગતિશીલ ખેતી, સમાજસેવા કે રાષ્ટ્ર સેવા દરેક ક્ષેત્રમાં દશકાઓથી કામ કરી રહ્યું છે. ખંડેરાવ ગામના સંસ્કારો થકી મંદિરોનું નિર્માણ થાય છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આપણી પર પશ્ચિમી સંસ્કૃતિ હાવી થવા જઈ રહી છે ત્યારે ભાવિ પેઢીને ઉત્તમ સંસ્કાર અને રાષ્ટ્ર ભકત નાગરિક બનાવવા આપણે પ્રયત્નશીલ રહેવું પડશે. આપણે ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ થકી સાચા નાગરીકનું સર્જન કરીએ. ભારતીય ધર્મ અને સંસ્કૃતિનો વારસો ભાવી પેઢીને મળે તે માટે સંસ્કૃતિ તરફ પ્રયાણ કરવાની જરૂર છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આજે સમગ્ર દુનિયા ઈ-માધ્યમ થકી નાની થઈ ગઈ છે જેના પગલે લોકોમાં હળવા મળવાનું બંધ થઈ જતાં સંસ્કૃતિનું આદાન-પ્રદાન નહિવત થઈ રહ્યું છે. આ સંજોગોમાં આપણે આપણા તહેવારો ધામધુમથી ઉજવી નવી પેઢીને માર્ગદર્શીત કરવાની જરુર છે.

આ પ્રસંગે મંત્રીશ્રીનું ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમમાં લલીત કિશોર મહારાજ, મહંત અંબારામ દાસજી, પુજય દેવમુરારી બાપુજી, ગુજરાત એગ્રો કંપનીના ચેરમેન બાબુભાઈ જેબલીયા, પછાત જાતિ વિકાસ બોર્ડના ચેરમેન જયંતિભાઈ બારોટ, અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન રમેશભાઈ સોલંકી, કડી તાલુકા પંચાયત પ્રમુખ, મહેમાન, ભકતો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસામાં યુવા કોંગ્રેસની સમીક્ષા બેઠક યોજાઈ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે યુવા કોંગ્રેસ ગુજરાતના પ્રભારીના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં યુવા કોંગ્રેસના અગ્રણી અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં ખેડૂત ભૂમિ અધિગ્રહણ કાયદાના વિરોધમાં કોંગ્રેસ દ્વારા ચાલુ કરાયેલી પોસ્ટ કાર્ડ ઝુંબેશની માહિતી આપવામાં આવી હતી. અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષ અને ચાલુ વર્ષ કુદરતી આફતો વખતે ખેડૂતોને પાકમાં નુકશાન થયું છે તેનો સર્વે ગુજરાત સરકાર દ્વારા ન કરાવાતા આગામી દિવસોમાં આ પ્રશ્ને પ્રદેશ સ્તરે લઈ જઈ જરૂર જણાશે તો વિધાનસભાનો ઘેરાવ કરાવાની પણ તૈયાર દર્શાવી હતી. પ્રભારી વિદિત ચૌધરી સાથે મોડાસા અને ભિલોડા ના ધારાસભ્ય તેમજ જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ હાજર રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લાના વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ ૯૨૫ લાખના ૮૦૩ કામો મંજુર

અરવલ્લી જિલ્લા આયોજન મંડળની વર્ષ ૨૦૧૫૧૬ની વિકેન્દ્રિત આયોજન હેડળની વિવિધ યોજનાઓની નવીન દરખાસ્તો મંજુરી અને વર્ષ ૨૦૧૧૧૨ થી વર્ષ ૨૦૧૪૧૫ સુધીના કામોની સમીક્ષા બેઠક મોડાસા ખાતે જિલ્લા પ્રભારી અને ગુહ રાજય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ બેઠકમાં વર્ષ ૨૦૧૫૧૬માં વિકેન્દ્રિત જિલ્લા આયોજનની વિવિધ જોગવાઈઓ પૈકી વિવેકાધીન જોગવાઈ હેઠળ રૂા.૬૮૫ લાખના ૫૯૭ કામો મંજુર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ટીએએસપી જોગવાઈ હેઠળ આદિજાતિ વિસ્તારના ગામોમાં સામુહિક વિકાસના રૂ. ૭૫ લાખના ૫૨ કામો તથા ખાસ અંગભૂત યોજના હેઠળ અનુસૂચિત જાતિ વસ્તી વિસ્તારના વિકાસના રૂ.૮૦ લાખના ૧૧૩ કામો તથા લોકફાળાની ભાગીદારીના પ્રોત્સાહક જોગવાઈ હેઠળના ૩૫ લાખના ૩૪ કામો તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટેની ખાસ પ્લાન યોજના હેઠળ સમાવેશ એવા મોડાસા અને ધનસુરા તાલુકાઓમાં દરેક તાલુકામાં રૂ.૩૦૦ લાખ મુજબ સામાજિક અને શૈક્ષણિક પછાત વિસ્તારના કુલ રૂ.૬.૦૦ લાખના ૪ કામો મંજુર કરવામાં આવ્યા હતા.

# વડસ્મા ખાતે કૃષિ મહોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૯

મહેસાણા તાલુકાના વડસ્મા ગામે કૃષિ મહોત્સવમાં ઉપસ્થિત આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે કૃષિ ઉપયોગી આધુનિક સાધનો-ઓજારો તથા પશુસારવાર ચિકિત્સાના અદ્યતન ઉપકરણો રાજ્ય સરકાર સરળતાએ ખેડૂતો-પશુપાલકોને ઉપલબ્ધ કરાવશે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, કૃષિ મહોત્સવ અને પશુઆરોગ્ય મેળાની રાજ્યવ્યાપી સફળ શૃંખલાને પરિણામે ધરતીપુત્રો તથા પશુપાલકોને અદ્યતન શોધ-સંશોધનોનો લાભ પોતાના ઘરઆંગણે મળતો થયો છે તેમાં આ અભિગમ વધુ સારી ઉપજ અને પશુમાવજત માટે પૂરક બનશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ કૃષિ મહોત્સવથી રાજ્યના ખેડૂતોની આવકમાં ૯ હજાર કરોડથી વધીને ૧,૧૦,૦૦૦ કરોડ થઈ છે. આ ઉપરાંત કપાસની ગાંસડીનું ઉત્પાદન ૨૫ લાખથી વધીને ૧ કરોડ ૨૪ લાખ થયું છે. રાજ્ય સરકાર ખેડૂતોની આપત્તિમાં મદદરૂપ થવા ૧૧૦૦ કરોડનું પેકેજ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે જાહેર કર્યુ છે. જે અંતર્ગત વીજ માફી માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને ૧૭૪ કરોડ રૂપિયાની ચુકવણી સરકારે કરી છે. મંત્રીશ્રીએ કુદરતી સંશાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરી આધુનિક ખેતી પદ્ધતિ દ્વારા મબલખ પાક મેળવવા ખેડૂતોને અપીલ કરી છે.

કૃષિ મહોત્સવના કાર્યક્રમમાં સ્ટેજ ઉપરથી ખેતીવાડીના લાભાર્થીઓને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીનું સ્વાગત ગ્રામજનો અને શાળાના ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ ગામની સુવિધા માટે મંજુર કરેલ રસ્તાઓની વિગતે માહિતી આપી હતી.

કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે. લાંઘા, તાલુકા પંચાયત પ્રમુખ દશરથભાઈ પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી ભરતભાઈ પટેલ, જિલ્લાના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, ગ્રામજનો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.


ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧